નભોઈ મર્ડર કેસમાં વધુ એક આરોપીની ધરપકડ

મિત્રનું ગળુ કાપી ફેંકી દેવામાં મદદગારી કરી હતી

ગાંધીનગર, તા.૨૭

અમદાવાદના હોડી ચકલા નજીક રહેતા પ્રેમીએ પ્રેમિકાના દબાણથી તેના લગ્નના દિવસે જ પ્રેમીકાના પતિને પાર્ટીના બહાને દારૂ પીવડાવી રિક્ષામાં નભોઈ લાવીને ગળુ કાપી નાંખી હત્યા કરી નાંખી હતી. આ પ્રકરણમાં હત્યારા પ્રમી અને દબાણ કરનાર પ્રેમિકાની ધરપકડ કરી લેવાઈ હતી. હત્યામાં મદદગારી કરનાર અન્ય બે મિત્રો નાસતા ફરતા હતા તે પૈકી એકની ધરપકડ કરી લેવામાં આવી છે.

હોડી ચકલા નજીક રહેતા પરિણીત યુવાન રોહીત પરણીને તેની પત્નિના કહેવાથી પ્રેમી દારુ પીવડાવવા રિક્ષામાં નભોઈ લઈ આવ્યો હતો. તેની સાથે અન્ય બે મિત્રો પણ હતાં. નભોઈ લાવીને રોહીતનું ગળુ કાપી નાંખી હત્યા કરીને લાશ કેનાલ પાસે ફેંકી ત્રણેય આરોપીઓ ભાગી ગયા હતાં. આ હત્યા પ્રકરણમાં બે આરોપી નાસતા ફરતા હતાં. તે પૈકી હત્યામાં મદદગારી કરનાર એક શખ્સ પપ્પુ ઉર્ફે વિનોદ રમણ પટણીની ઈન્ફોસીટી પોલીસે ધરપકડ કરી લીધી છે.

અબોલ અને મુંગા જીવ પ્રત્યેની અનુકંપાથી પ્રેરાઈ સેકટર-૧ ૩-સીના બહેનો દ્વારા ગાય અને કૂતરાઓને ખવડાવવા ૩૫ કિલો જેટલા લાડુ બનાવવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે છેલ્લા ૩ વર્ષથી શિયાળામાં આ બહેનો દ્વારા મુંગા જીવ માટે કાર્ય થઈ રહ્યું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

ચિલોડા પ્રાથમિક શાળામાં બાળરમતોત્સવ ઉજવાયો

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે પ્રાથમિક શાળામાં બાળ રમતોત્સવ ૨૦૧૪ યોજાયો હતો. જેમાં ૬ થી ૧૪ વર્ષના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ રમતોત્સવમાં મગોડી લાટ, મગોડી ગામ, ચિલોડા તથા ઈસનપુર મોટાની શાળાના બાળકોએ ભાગ લીધો હતો. આ રમતોત્સવમાં કબડ્ડી, ખો-ખો, ૧૦૦ મી. દોડ, ગોળા ફેંક, લાંબી કૂદ અને યોગ વગેરેમાં ભાગ લીધો હતો. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચાર માસના બિમાર બાળકને હોસ્પિટલ લઈ જઈ ત્યજી દેવાયું...!

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બાળકને દાખલ કરીને માતા ફરાર : માતા સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા.૨૭

તાવમાં ધગધગતા ચાર મહિનાના માસુમ બાળકને ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પિડીયાટ્રીક વોર્ડમાં દાખલ કર્યા બાદ માતા બિમાર બાળકને ત્યજી દઈ ફરાર થઈ ગયાની ચકચારી ઘટના બનવા પામી છે. હોસ્પિટલની આયા બહેનની ફરિયાદને આધારે સેકટર-૭ પોલીસે ગુનો દાખલ કરીન ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ૩ દિવસ પહેલા ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પિડીયાટ્રીક વોર્ડમાં આશરે ૩૦ વર્ષીય માતા તેના ચાર માસના દિકરાને તાવની સારવાર કરાવવા લઈ આવી હતી અને દાખલ કર્યો હતો. ગઈ કાલે બિમાર દિકરાને ત્યજી દઈને હોસ્પિટલમાંથી તેની માતા ગાયબ થઈ ગઈ હતી. તેણીનો આજે મોડી સાંજ સુધી પત્તો લાગ્યો ન હતો. સિવિલ હોસ્પિટલની આયા મંજુલાબેન પરમારની ફરિયાદનેઆધારે સે-૭ પોલીસે બાળકને ત્યજી દઈને ફરાર થઈ ગયેલ માતા સામે ગુનો નોંધી તેની તપાસ શરુ કરી છે.

"હોમિયોપેથી ટુ હેલ્થી ટુમોરો"- અમદાવાદમાં એઆઈએચ કોનનો પ્રારંભ

ગાંધીનગર તા.૨૭

ગુજરાતમાં ૩૯ વર્ષ બાદ ૨૭ ડિસેમ્બર ૨૦૧૪ના દિવસે અમદાવાદના ટાગોર હોલ ખાતે હોમિયોપેથી મેડિકલ એસોસીએશનની ૧૯ મી ઓલ ઈન્ડિયા હોમિયોપેથીક કોંગ્રેસ એઆઈએચ કોન-૨૦૧૪ શરૂ થઈ હતી. જેમાં રાજયકક્ષાના આરોગ્ય અને ફેમીલી વેલફેર મંત્રી શંકરભાઈ ચૌધરી, શહેરના મેયર મિનાક્ષીબેન પટેલ, ધારાસભ્ય રાકેશભાઈ શાહ, એચએમએઆઈના પ્રેસિડન્ટ ડો.વી.સી.આચાર્ય, સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ હોમિયોપેથીના પ્રમુખ ડો.રામજીસિંઘ, લીગાના પ્રમુખ ડો.એસ.પી.એસ.બક્ષી આર્ગેનાઈઝીંગ ચેરમેન ડો.ભાસ્કર ભટ્ટ સહિત વિવિધ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિત મહાનુભાવોએ હોમિયોપેથી રોગોને મટાડવા માટેની શ્રેષ્ઠ સારવાર હોવાનું જણાવી તેની કોઈ આડ અસરો નથી તેમજ દવા બજારમાં સૌથી ઓછી કિંમતે ઉપલબ્ધ થઈ શકતી હોય છે.



સે-૨૬ બ્રહ્મસમાજ તેમજ કડી કેમ્પસની ફાર્મસી કોલેજમાં સંયુકત ઉપક્રમે શનિવારે જયપ્રકાશ સ્કુલમાં ડાયાબીટીશ તેમજ આઈ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો ૧૮૫ દર્દીઓએ લાભ લીધો હતો.

સેકટર-૨૩ અને ૨૮ વચ્ચે આવેલા ત્રણ માર્ગના ત્રિભેટે નાનુ સર્કલ બનાવવા માંગ

તુલસી કોમ્પ્લેક્ષ સામેના આ ક્રોસ થતાં ત્રણ માર્ગે દૈનિક નાના મોટાં અકસ્માતો બની રહ્યા છે

ગાંધીનગર તા.૨૭

ગાંધીનગરના માર્ગો અને સેકટરની અદ્દભૂત રચનાથી આગંતુકો અચંબામાં પડી જાય છે. માર્ગોની પહોળાઈ અને તેના અન્ય માર્ગો સાથેનો મિલાપ એ સ્થાનિક સેકટરના રહીશો માટે હાલ આશીર્વાદ રૂપ બન્યો છે. છતાં પણ વધતુ જતુ ટ્રાફીક અને માનવ વસ્તીથી અકસ્માતો સર્જાતા હોય છે. જેમાં નગરનાં માર્ગ નં-૬ ઉપર સેકટર-૨૩ અને ૨૮ને સાંકળતાં ત્રિભેટે અકસ્માતોની વણઝાર શરૂ થઈ ગઈ છે. જેથી આ ક્રોસ થતાં માર્ગોની વચ્ચે નાનુ સર્કલ બનાવી અકસ્માતો અટકાવવા નગરજનોની પ્રબળ માંગ ઉભી થઈ છે.

ગાંધીનગરમાં દિન પ્રતિદિન ટ્રાફિક વધી રહ્યો છે. જેથી પહોળા અને ડીવાઈડર સાથેના ચાર અને છ માર્ગીય માર્ગો પણ વાહનોની અવર જવરથી ભરચક બની રહ્યા છે. જેમાં મુખ્ય માર્ગોને સાંકળતા સેકટરના આંતરિક માર્ગો વચ્ચે યોગ્ય સંકલન ન જળવાતાં દૈનિક અકસ્માતો સર્જાઈ રહ્યા છે. આવી જ રીતે નગરના માર્ગ નં-૬ ઉપર આવેલા સેકટર-૨૩ માંથી આવતા માર્ગે પર પણ દૈનિક અકસ્માતો સમસ્યા બની ગયા છે. સેકટર ૨૩ અને ૨૮ વચ્ચેથી પસાર થતા માર્ગ વચ્ચે તુલસી કોમ્પ્લેક્ષના સામે ત્રિભેટ કડી સંકુલ તરફથી આવતો આંતરિક માર્ગ છે જે આ મુખ્યમાર્ગ ઉપર પડે છે. આ માર્ગ ઉપરથી આવતા વાહન ચાલકો માર્ગ-૬ના મુખ્ય માર્ગ ઉપરથી પસાર થતાં વાહન ચાલક સાથે અથડાઈ પડે છે. વધુમાં આંતરિક માર્ગ ઉપરથી આવતા વાહન ચાલક ઘ-૬ તરફ જવા માટેના પ્રયાસમાં માર્ગ ઉપર કોઈપણ જાતની આડસ ન રહેતા સડસડાટ નીકળે છે જે અકસ્માત નોંતરી રહ્યા છે.

વધુમાં સદર માર્ગો ઉપર શાળાઓ તથા શૈક્ષણિક સંકુલો આવેલા હોવાથી સ્કુલના વાહનો તથા અન્ય વાહનોની અવર જવર તીવ્ર રહે છે. જેમાં સેકટર-૨૩ માંથી માર્ગ-૬ ઉપર આવતાં માર્ગ ઉપર સખત ટ્રાફીક ધમધમે છે. અને આ મુખ્યમાર્ગ એ આજુબાજુના સેકટરમાં જવા આવવા માટે અતિ મહત્વનો બની રહે છે. જેથી સમય અને સંજોગો આધિન આ ત્રિભેટે દૈનિક અકસ્માતોની સંભાવના બની રહે છે. માટે આ ત્રિભેટે નાનુ સર્કલ બનાવવામાં આવે અને સેકટર-૨૩ માંથી આવતા માર્ગ ઉપર બમ્પ બનાવવામાં આવે તો અકસ્માતો બનતા અટકી જવાની પ્રબળ શકયતા છે જેથી તુલસી કોમ્પ્લેક્ષની સામેના માર્ગ નં-૬ ઉપર ત્રિભેટે નાનુ સર્કલ બનાવવા વાહનચાલકોની બુલંદ માંગ ઉભી થઈ છે.

ઈસનપુરના આધેડ દુકાનનો સામાન લેવા જવાનું કહી ચાલ્યા ગયા

ચિલોડા, તા.૨૭

ગાંધીનગર તાલુકાના ઈસનપુર (મોટા) ગામેથી આશરે ૪૫ વર્ષીય આધેડ પોતાની દુકાનનો માલસામાન ખરીદવા જવાનું કહી કયાંક ચાલ્યા ગયા છે. આ બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે જાણવા જોગ અરજી દાખલ કરવામાં આવી છે.

ઈસનપુર મોટા ગામે માધવ પાન પાર્લર નામની દુકાન ચલાવતા ચંદ્રકાન્ત ઉર્ફે રાજુભાઈ માધાભાઈ પટેલ ઉ.વ.આ. ૪૫ તા. ૨૬મી ડિસેમ્બરે પોતાની દુકાનનો માલસામાન લેવા જઈ રહ્યા હોવાનું જણાવી ગયા હતા જેમનો હજુ સુધી કોઈ પત્તો મળ્યો નથી. તેમની ઉંચાઈ ૫.૫. ફુટ, શરીરે મજબૂત બાંધાના રંગે ઘઉંવર્ણા અને ચહેરો લંબગોળ છે. તેઓ હિન્દી ગુજરાતી ભાષા જાણે છે અને તેમણે રંગીન શર્ટ અને ક્રિમ રંગનું પેન્ટ પહેરેલ છે. આ ઘટના અંગે અરજી મળતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પીએચડીની પદવી મેળવી

ગાંધીનગર, તા.૨૭

અમદાવાદની એલ.ડી.કોલેજ ઓફ એન્જિનિયરીંગના આસીસ્ટન્ટ

પ્રોફેસર ચિરાગ નટવરલાલ પટેલને ઉદયપુરની પેસિફિક એકેડેમી ઓફ હાયર એજયુકેશન એન્ડ રીસર્ચ યુનિવર્સિટીના ફેકલ્ટી ઓફ એન્જિનીયરીંગ દ્વારા પી.એચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવી છે. આ પદવી તેમને 'સિસ્મિક પરફોર્મન્સ ઈવોલ્યુશન ઓફ રેઈન્ફોર્સ્ડ કોન્ક્રિટ એલિવેટેડ વોટર ટેન્ક વીથ ઈમ્પ્રુવ્ડ સપોર્ટીંગ સિસ્ટમ્સ કન્સીડીંગ ફલ્યુડ-ટેન્ક-સોઈલ ઈન્ટરેકશન' વિષય પર સંશોધન પત્ર માટે આપવામાં આવી છે. આસંશોધન પત્ર તેમણે પાટણની સરકારી એન્જિનીયરીંગ કોલેજના ડૉ. એચ.એસ. પટેલના માર્ગદર્શનમાં તૈયાર કર્યું હતું.

(તસવીર : કશ્યપ નિમાવત)

સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સેકટર-૨૧ શાકમાર્કેટ ખાતે નાતાલના દિવસે તારીખ ૨૫ને શહેર ભાજપ દ્વારા સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ શાકમાર્કેટ ખાતે વેચાણ કરતા વેપારીઓને સફાઈનાં શપથ લેવડાવ્યા હતા.

ચિરવિદાય

- સ્વ. બાબુલાલ મગનલાલ સોની (ઉ.વ.૭૫) સ્થાનકવાસી જૈન દેરાસર પાસે, સે-૨૨, ગાંધીનગર
- સ્વ. રસીકલાલ કલ્યાણજી શાહ (ઉ.વ.૭૬) પ્લોટ નં.૨૩૦, સે-૭એ, ગાંધીનગર
- સ્વ. સાન્ધી સત્યનાથન મેનન (ઉ.વ.૫૧) પ્લોટ નં. ૧૪૫૪/૨, સે-૫ડી, ગાંધીનગર
- સીતાબેન જેસંગભાઈ લુહાર (ઉ.વ.૭૦) મુ. પાલજ, તા.જી. ગાંધીનગર
- સ્વ. નાગરજી વરવાજી ઠાકોર (ઉ.વ.૭૦) મુ. શિહોલી મોટી, તા.જી. ગાંધીનગર
- સ્વ. પ્રભાતજી જેણાજી ઠાકોર (ઉ.વ.૩૫) મુ. પાલજ, તા.જી. ગાંધીનગર
- શાંતાબેન ઓચ્છવલાલ ગોર (ઉ.વ.૯૪) પ્લોટ નં. ૮૩૬/૧, સે-૨સી, ગાંધીનગર
- સ્વ. નરભેરામ અમથારામ પંચાલ (ઉ.વ.૮૮), મુ. પ્રતાપનગર, તા. માણસા, જી. ગાંધીનગર
- સ્વ. વેદનીધી મિશ્રા,(ઉ.વ.૭૪) પ્લોટ નં. ૩૩૦/૨, સે-૧સી, ગાંધીનગર

(તસવીર : નટુભાઈ પટેલ)

ચિલોડામાં મહિલા સુરક્ષા સમિતિની બેઠક મળી

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે પોલીસ સ્ટેશને મહિલા સુરક્ષા સમિતિની બેઠક યોજાઈ હતી જેમાં છાલા ગામના સરપંચ શીવાભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતાં. મહિલા સુરક્ષા સમિતિના સભ્યોએ આ બેઠકમાં મહિલાઓની સુરક્ષા બાબતે વિચાર વિમર્શ કર્યો હતો. તેમજ દરેક મહિલાઓને હેલ્પ લાઈન ૧૦૯૧નો સંકટ સમયે ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. આ બેઠક ચિલોડાના પી.આઈ.એન.સી.ભરવાડ અને પી.એસ.આઈ. એસ.જી.મકવાણાની રાહબરી હેઠળ યોજાઈ હતી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૧
સૂર્યાસ્ત : ૬.૦૧

તાપમાન

મહત્તમ : ૨૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૭.૮ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૬ ટકા ● સાંજે ૨૮ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

પી.કે. : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦. ૦૦

: સ્ક્રીન-૨ :

લિંગા : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :

પી.કે. : ૧૨.૦૦, ૬.૦૦

લિંગા : ૩.૦૦, ૯.૦૦

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

પી.કે. : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

પી.કે. : ૧૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

: સ્ક્રીન-૩ :

પી.કે. : ૧૧.૧૫

નાઈટ એટ ધ મ્યુઝિયમ (ઈંગ્લીશ) : ૨.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૮.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

પી.કે. : ૧૦.૦૦

અગલી : ૧.૦૦, ૧૦.૦૦

લિંગા (હિંદી) : ૩.૪૫

મુકુન્દા (તેલુગુ) : ૭.૦૦

: સ્ક્રીન-૫ :

અગલી : ૪.૦૦

લિંગા (હિંદી) : ૬.૩૦

પી.કે. : ૯.૩૦

સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :

પી.કે. : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦

: સ્ક્રીન-૨ :

પી.કે. : ૧૧.૨૦, ૨.૪૦, ૬.૦૦, ૯.૨૦

: સ્ક્રીન-૩ :

પી.કે. : ૯.૫૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૩૦, ૧૦.૪૫

: સ્ક્રીન-૪ :

પી.કે. : ૧૦.૪૦, ૨.૦૦, ૫.૨૦, ૮.૪૦

આપની આજ

મેષ : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

વૃષભ : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

મિથુન : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

કર્ક : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

સિંહ : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

કન્યા : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

તુલા : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ.

ધન : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

મકર : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

કુંભ : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

મીન : સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.